| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૨૫/૦૪/૨૦૨૪ |
| રજુ કર્યા તા. | ૨૫/૦૪/૨૦૨૪ |
| ફેંસલ કર્યા તા. | ૦૫/૦૪/૨૦૨૫ |
| સમય મર્યાદા | ૦૦ વર્ષ, ૧૧ માસ, ૧૧ દિવસ |

**૩૦ મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. :–૫૦૩૫૬/૨૦૨૪**

**ફરિયાદી:–**

શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:–**

**૧.** માનવ મુકેશભાઈ કાગડેકર, ઉ.વ.૨૧,

**૨.** રસીકભાઈ જવાજીભાઈ ભીલ, ઉ.વ.૭૦,
રહે. મ. નં.સી/૭૦૬, સાતમા માળે, પ્રધાનમંત્રી આવસ યોજના,
અહેબાબનગર ત્રણ રસ્તા, ઈસનપુર, અમદાવાદ.
હાલ રહે. બી/૧, ઈશ્વરનગર સોસાયટી,
સરદાર પટેલ સ્કુલની પાછળ, ઈસનપુર, અમદાવાદ.

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબ.**

**સરકાર તરફે : વિ.એ.પી.પી. શ્રી એમ.એ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. શ્રી કે. ડી. રાવલ**

**–//જજમેન્ટ//–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા. ૧૪.૧૧.૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે ઈસનપુર સરદાર પટેલ સ્કુલની

પાછળ ઈશ્વરનગર સોસાયટી આગળ જાહેરમાં ફરીયાદી નાઓની પત્ની સાહેદ નં.૮ નાઓને તા.૧૩.૧૧.૨૦૨૩ ના રોજ ફરીયાદીના પાડોશમાં રહેતા આરોપી નં.૧ ના ભાઈએ તુ તારી કરેલ હોય જે બાબતે ફરીયાદી તથા સાહેદ નં.૮ નાઓએ સમજાવવા વાતચીત કરતા હતા તે દરમ્યાન આરોપી નં.૧ નાઓ લાકડીનો દંડો લઈ આવી ફરીયાદીને ગંદી બિભત્સ ગાળો બોલી ફરીયાદીના માથામાં જમણી બાજુ એક ફટકો તથા જમણી આંખની ભ્રમર ઉપર બીજો ફટકો મારી દઈ અને આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી ફરીયાદી નાઓની ઓટો રીક્ષા નં.જીજે.૦૧.ટી.ઈ.૫૭૦૮ નો આગળનો કાચ આરોપી નં.૧ નાએ તોડી નુકસાન કરી મહે. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ તે મતલબની ફરિયાદ ફરિયાદીએ ઈસનપુર પોલીસ સ્ટેશન માં પાર્ટ એ ગુ. રજી. નં.૧૧૧૯૧૦૨૨૨૩૧૩૮૯/૨૦૨૩ થી નોંધાવતા આગળની તપાસના અંતે ત. ક. અધિકારીએ આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ બજતાં આરોપીઓ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડી આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાની પ્લી આંક–૦૪ અને આંક–૦૫ અન્વયેથી નોંધતાં આરોપીઓએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસ પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:–**

| અનુ. | આંક | સાહેદનું નામ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદી શશીકાંત જીગાજી પરમારની સોગંદ પરની જુબાની |

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરિયાદની નકલ |
| ૨ | ૦૯ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૩ | ૧૦ | મુદ્દામાલ રીકવરી પંચનામાની નકલ |
| ૪ | ૧૧ | ફરીયાદીના મેડીકલ સર્ટીફીકેટની નકલ |
| ૫ | ૧૨ | જાહેરનામાની નકલ |

(૩.૧) ઉપરોકત રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાયેલ ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી, પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા યોગ્ય મુદ્દાના કારણોમાં કરવામાં આવે છે.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:મુદ્દાઓ:–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તા.૧૪.૧૧.૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે ઈસનપુર સરદાર પટેલ સ્કુલની પાછળ ઈશ્વરનગર સોસાયટી આગળ જાહેરમાં ફરીયાદી નાઓની પત્ની સાહેદ નં.૮ નાઓને તા.૧૩.૧૧.૨૦૨૩ ના રોજ ફરીયાદીના પાડોશમાં રહેતા આરોપી નં.૧ ના ભાઈએ તુ તારી કરેલ હોય જે બાબતે ફરીયાદી તથા સાહેદ નં.૮ નાઓએ સમજાવવા વાતચીત કરતા હતા તે દરમ્યાન આરોપી નં.૧ |

| | |
|---|---|
| | નાઓ લાકડીનો દંડો લઈ આવી ફરીયાદીને ગંદી બિભત્સ ગાળો બોલી ફરીયાદીના માથામાં જમણી બાજુ એક ફટકો તથા જમણી આંખની ભ્રમર ઉપર બીજો ફટકો મારી દઈ અને આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી ફરીયાદી નાઓની ઓટો રીક્ષા નં.જીજે.૦૧.ટી.ઈ.૫૭૦૮ નો આગળનો કાચ આરોપી નં.૧ નાએ તોડી નુકસાન કરી મહે. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

## – :: કા ર ણો :: –

(૭) આ કામે ફરીયાદી શશીકાંત જુગાજી પરમાર ને આંક–૦૭ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, તેઓ પરીવાર સાથે રહે છે અને પત્ની નૈના ભૈરવનાથ ચાર રરસ્તાની બાજુમાં આવેલ પ્રિતેશ સોસાયટીના બંગલાઓના ઘરકામ કરે છે. તા.૧૩.૧૧.૨૦૨૩ ના બપોરના ૦૩:૦૦ વાગ્યાના આસપાસ તેઓ પત્નીને તેનું કામ પુરુ કર્યા બાદ તેને લઈ પરત આવતા હતા ત્યારે તે સમયે આરોપી મુકેશને બોલાવીને કહેલ કે, તું મારી પત્ની સાથે કેમ વાત કરતો હતો. તેમ કહેતા આરોપીઓએ તેઓની સાથે બોલાચાલી તકરાર કરેલ જેથી બનાવની ફરીયાદ આપેલ જે ફરીયાદ બતાવતાં તેમાં પોતાની સહી છે જે ઓળખી બતાવેલ છે જે આંક–૦૮ થી રજુ થયેલ છે. બનાવ વખતે તેઓને સામાન્ય ઈજા થતા એલ. જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલ હતી તેવું જણાવેલ છે. આમ, ફરીયાદી પોતાની ફરીયાદને સમર્થનકારી જુબાની આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ આરોપીઓએ માર મારેલ હોય કે, ગાળો બોલી હોય, ઈજા કરેલ હોય કે નુકસાન કરેલ હોય તેવું બનેલ નથી તેમજ આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેવું જણાવેલ છે.

આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ આંક–૦૯ ના પંચનામા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૦ ના મુદ્દામાલ રીકવરી પંચનામાને તેમજ આંક–૧૧ ના મેડીકલ સર્ટીફીકેટને ફરીયાદીની જુબાની જોતાં સમર્થન મળતું નથી.

(૮) બંનેપક્ષની દલીલો સાથે પડેલા પુરાવાઓની હકીકત જોતાં, આરોપીઓ સામે હાલનો ફોજદારી કેસ છે તે ફોજદારી કાર્ડિનલ સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે અને ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતાં હોય તે આક્ષેપ ફરિયાદપક્ષે સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા પડે.

આ કામે આરોપીઓ સામે જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે જેનું અર્થઘટન નીચે મુજબ છે.

(૮.૧) આ કામે ઈ. પી. કો. કલમ–૩૨૩ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ ખરેખર ઈજા પામનારને શારીરીક પીડા, રોગ કે અશકતતા પહોંચાડી હતી અને આવી ઈજા પહોંચાડવા કે એમ જાણી જોઈએ કર્યું કે તેનાથી ઈજા પહોંચશે. આમ, આ કેસમાં જોવામાં આવે તો આ કામના આરોપીએ કોઈ જાણી જોઈને ઈજા કરી હોય તેવું જોવા મળતું નથી. ફરીયાદી પોતે જણાવે છે કે સામાન્ય બોલાચાલી થયેલી. કોઈએ કઈ મારેલ હોય તેવું બનેલ નથી.

(૮.૨) આ કામે આરોપી સામે ઈ. પી. કો. કલમ–૨૯૪(ખ) મુજબનો આરોપ છે જેમાં

વ્યાખ્યા જોતાં કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઈ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે તેને ત્રણ મહીનાની મુદ્દતની કોઈ પ્રકારની કેદની અથવા દંડની કે બન્ને પ્રકારની સજા કરવામાં આવશે આ ગુનો બીન સમાધાન લાયક છે. આ કામે ફરીયાદી તેમજ ઈજા પામનાર વ્યકિતઓની જુબાની જોતાં આરોપી ધ્વારા જાહેર સ્થળ ઉપર કોઈક અશ્લીલ શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવેલ હોય તેવી વિગતને સમર્થન મળતું નથી.

(૮.૩) આ કામે ઈ.પી.કો કલમ ૪૨૭ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો વ્યકિત એ બગાડ કરીને પચાસ રૂપીયા કે તેથી વધારે રકમનું નુકસાન કે હાની કરેલી હોય અને આવું નુકસાન ગેરકાયદે હતું. હાલના કેસમાં ફરીયાદી અને સાહેદોએ આપેલ જુબાની જોતા એવી કોઈ હકીકત જોવા મળતી નથી કે આરોપીઓએ આવું નુકસાન કરેલ હોય.

(૮.૪) આ કામે ઈ. પી. કો. કલમ–૧૧૪ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા કાર્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કાર્ય પોતાની હાજરીમાં તો તેણે પોતે તે કાર્ય કે ગુનો કર્યો છે એમ ગણાય. આમ, આ કેસમાં એવી કોઈ હકીકત જોવા મળતી નથી.

(૮.૫) બી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબ આરોપી પાસેથી હથિયાર કબજે જાહેરનામું ચાલુ હોય તે સમય દરમ્યાન કબજે કરેલું હોવું જોઈએ પરંતુ હાલના કેસમાં આરોપી પાસે આવું હથિયાર હોય તેવી હકીકતને સમર્થન મળતું નથી.

આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ સામે જે ફરીયાદ કરવામાં આવેલી છે તે ફરીયાદને સમર્થનરૂપ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો ન હોય મુદ્દા નં.૧ નો જવાબ

નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## – :: હુ ક મ ::–

(૧) આ કામે આરોપી નં.(૧) માનવ મુકેશભાઈ કાગડેકર, (૨) રસીકભાઈ જવાજીભાઈ ભીલ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ માટે રૂા.૫૦૦૦/–પુરાના એકવીટલ જામીન તથા જાતમુચરકો ઉપલી અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા સંબંધે આપવાના રહેશે.

હુકમ આજરોજ તા.૦૫ મી માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date.05/04/2025**
**Place:AHMEDABAD**

**(MR.B.P.Mahida)**
**GJ-01122**
**30th ADDI.CHIEF JUDICIAL MAGISTRATE AHMEDABAD CITY.**